**ક્રમાંક: પ્ર/**
ગુજરાત વિધાનસભા સચિવાલય,
વિઠ્ઠલભાઇ પટેલ ભવન, સેક્ટર-૧૦,
ગાંધીનગર-૩૮૨૦૧૦.
તા.

*** ૧૯૩૦૬**

પ્રતિ,
સચિવશ્રી,
**મહેસુલ વિભાગ**
સચિવાલય, ગાંધીનગર.

શ્રીમાન,

માનનીય અધ્યક્ષશ્રીએ દાખલ કરેલ તારાંકિત પ્રશ્ન નીચે જણાવ્યા પ્રમાણે છે. આ પ્રશ્નનો મૌખિક જવાબ માનનીય **મહેસુલ મંત્રીશ્રી**એ **તા.૨૪/૦૭/૨૦૧૯** ના રોજ આપવાનો છે. પ્રશ્નના જવાબની ચાર નકલો આ સચિવાલયને **તા.૧૭/૦૭/૨૦૧૯**ના રોજ મોડામાં મોડી સવારના ૧૧-૦૦ વાગ્યા સુધીમાં પહોંચાડવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

સચિવ,
ગુજરાત વિધાનસભા.

---

**વડોદરા જિલ્લામાં જમીન રી-સર્વે અંગેની અરજીઓ**
*** ૧૯૩૦૬** : શ્રી જશપાલસિંહ પઢિયાર (પાદરા) **:** માનનીય **મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૦૫/૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વડોદરા જિલ્લામાં તાલુકાવાર જમીન રી-સર્વેમાં થયેલ ક્ષતિઓને કારણે ખેડૂતોની જમીનમાં વધ-ઘટ થયા અંગેની કેટલી અરજીઓ તાલુકાવાર મળેલ છે,
(૨) ઉકત મળેલ અરજીઓ પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો, કેટલી અરજીઓ પડતર છે અને કેટલી અરજીઓ દફતરે કરવામાં આવેલ છે,
(૩) ઉકત અરજીઓ દફતરે કરવાના કારણો શા છે, અને
(૪) ઉકત પડતર અરજીઓનો નિકાલ કયાં સુધીમાં કરવામાં આવશે ?

**નકલ જાણ માટે રવાના:-**

**(૧) સભ્યશ્રી: શ્રી જશપાલસિંહ પઢિયાર (પાદરા)**
**(૨) માનનીય મહેસુલ મંત્રીશ્રી**